Signature of Invigilators

1. ................................

2. ................................

# ECONOMICS

## Paper II

Roll No. [ ][ ][ ][ ][ ]

(In figures as in Admit Card)

Roll No. ................................

................................

(In words)

# D—1002

Name of the Areas/Section (if any) ................................

Time Allowed : 75 Minutes]

[Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter 'A' should entirely be contained within the corresponding square.

   Correct method **[A]** Wrong Method [A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.

૨. આ પ્રશ્નપત્રમાં **૫૦ (પચાસ)** બહુવૈકલ્પિક ઉત્તરોવાળા પ્રશ્નો છે. **બધા જ** પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે.

૩. પ્રત્યેક વિગતના (A), (B), (C) અને (D) એવા ચાર સંભવિત ઉત્તરો આપવામાં આવ્યા છે. તમે સ્વીકારેલા વિકલ્પનો ઉત્તર કેપિટલ (પહેલી એબીસીડી) અક્ષરમાં આપવાનો રહેશે.તમારા ઉત્તર આપેલા ચોરસમાં સરખી રીતે લખવા.

   સાચી પદ્ધતિ : **[A]** ખોટી પદ્ધતિ : [A , [A]

૪. આ પ્રશ્નપત્રના ઉત્તરો આઈસીઆરના ઉત્તરપત્રકમાં Paper II ની નીચે લખવાના રહેશે.

૫. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.

૬. આ ઉત્તરપોથીને અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.

૭. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈપણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

SEAL

# ECONOMICS

# અર્થશાસ્ત્ર

## PAPER—II

## પ્રશ્નપત્ર–II

*Note* :— This paper contains *fifty* **(50)** multiple-choice questions, each question carrying **two (2)** marks. Attempt *all* the questions.

**નોંધ** :– આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો છે. દરેક પ્રશ્નના **બે(૨)** ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તર લખો.

1. Marshallian Demand Analysis assumes marginal utility of money :

(A) Constant (B) Increasing

(C) Decreasing (D) Fluctuating

માર્શલીયન માંગ વિશ્લેષણમાં નાણાંનો સીમાંત તુષ્ટિગુણ :

(A) સ્થિર (B) વધતો જતો

(C) ઘટતો જતો (D) વધતો-ઘટતો બંને

હોવાની ધારણા કરવામાં આવે છે.

2. When the demand curve is perfectly elastic MR is equal to :

(A) Zero (B) One

(C) Average Cost (D) Average Revenue

જ્યારે માંગનો વક્ર સંપૂર્ણપણે મૂલ્યસાપેક્ષ હોય ત્યારે સીમાંત આમદાની બરાબર :

(A) શૂન્ય (B) એક

(C) સરેરાશ ખર્ચ (D) સરેરાશ આમદાની

થાય છે.

3. In the case of Giffen goods, income effect is :

(A) Positive (B) Infinite

(C) Zero (D) Strong Negative

ગીફન વસ્તુ માટે, આવક અસર :

(A) ધન (B) અનંત

(C) શૂન્ય (D) મોટી ઋણ કિંમત

હોય છે.

4. In Cobb-Douglas production function, elasticity of substitution between factors is :

(A) Zero (B) One

(C) Infinite (D) Greater than one

કોબ-ડગ્લાસ ઉત્પાદન વિધેય માટે, ઉત્પાદનના સાધનો વચ્ચેની અવેજીની મૂલ્યસાપેક્ષતા :

(A) શૂન્ય (B) એક

(C) અનંત (D) એક કરતાં વધુ

હોય છે.

5. Who gave the first scientific treatment of general equilibrium analysis ?

(A) J. B. Say (B) E. Chamberlin

(C) Leon Walras (D) Joan Robinson

વ્યાપક સમતુલા વિશ્લેષણ અંગેની સૌ પ્રથમ વૈજ્ઞાનિક પદ્ધતિ કોણે આપી ?

(A) જે.બી. સે (B) ઈ. ચેમ્બરલીન

(C) લીયોં વોલ્રા (D) જોઅન રોબીન્સન

6. The opportunity cost of a factor of production with specific use is :

(A) Very high (B) Infinite

(C) Zero (D) Constant

એક ચોક્કસ ઉપયોગ ધરાવતા ઉત્પાદનના સાધનનો વૈકલ્પિક ખર્ચ :

(A) ખૂબ મોટો (B) અનંત

(C) શૂન્ય (D) સ્થિર

7. Market externalities come from :

(A) Size externalities (B) Monopolies

(C) Imperfect information (D) (A) and (C)

બજારના બાહ્ય લાભો :

(A) કદના લાભો (B) ઈજારાશાહી

(C) અપૂર્ણ માહિતી (D) (A) અને (C)

દ્વારા પ્રાપ્ત થાય છે.

8. Life Cycle Hypothesis was formulated by :
(A) Franco Modigliani
(B) Milton Friedman
(C) J. M. Keynes
(D) Duesenbury
જીવન ચક્ર પરિકલ્પના :
(A) ફ્રાન્કો મોડીગ્લીઆની
(B) મિલ્ટન ફ્રીડમેન
(C) જે.એમ. કેઈન્સ
(D) ડ્યુઝનબરી
દ્વારા આપવામાં આવી છે.

9. The restatement of the quantity theory of money was given by :
(A) Irving Fischer
(B) P. A. Samuelson
(C) Milton Friedman
(D) Pigou
નાણાંના પરિમાણાત્મક સિદ્ધાંતનું પુનઃસંસ્કરણ :
(A) ઈરવીંગ ફીશર
(B) પી.એ. સેમ્યુઅલસન
(C) મિલ્ટન ફ્રીડમેન
(D) પીગુ
દ્વારા રજુ કરવામાં આવ્યું છે.

10. Phillip's curve is vertical :
(A) When there is no trade-off between inflation and unemployment
(B) When inflation and unemployment move together
(C) Inflation rises faster than unemployment
(D) Unemployment rises faster than inflation
ફિલીપ્સ વક્ર, ઉભો વક્ર હોય છે, જ્યારે :
(A) ફુગાવા અને બેરોજગારી વચ્ચે બાંધછોડ હોતી નથી
(B) ફુગાવો અને બેરોજગારીમાં સાથે જ ફેરફાર થાય છે
(C) બેરોજગારી કરતાં ફુગાવો વધુ ઝડપથી વધે છે
(D) ફુગાવા કરતાં બેરોજગારી વધુ ઝડપથી વધે છે

11. J. S. Duesenberry's analysis of Income-Consumption function is known as :

(A) Permanent Income Hypothesis

(B) Absolute Income Hypothesis

(C) Relative Income Hypothesis

(D) Life Cycle Theory

જે.એસ. ડ્યુઝનબરીનું આવક-વપરાશ વિધેયનું વિશ્લેષણ :

(A) કાયમી આવક પરિકલ્પના

(B) નિરપેક્ષ આવક પરિકલ્પના

(C) સાપેક્ષ આવક પરિકલ્પના

(D) જીવન ચક્ર સિદ્ધાંત

તરીકે ઓળખાય છે.

12. Which of the following is the equation of exchange ?

(A) $P = \frac{MV + M'V'}{T}$ (B) P = MV/T

(C) MV = PT (D) All of these

નીચેનામાંથી કયું વિનિમયનું સમીકરણ છે ?

(A) $P = \frac{MV + M'V'}{T}$ (B) P = MV/T

(C) MV = PT (D) આપેલાં તમામ

13. The economy enters from the stage of depression to the stage of revival because of :

(A) increase in demand for capital goods

(B) increase in demand for consumer goods

(C) increase in demand for intermediate goods

(D) all of the above

અર્થતંત્ર, મંદીના તબક્કામાંથી પુનરુત્થાનના તબક્કામાં :

(A) મૂડીવસ્તુઓની માંગમાં થતા વધારા

(B) વપરાશી વસ્તુઓની માંગમાં થતા વધારા

(C) મધ્યવર્તી વસ્તુઓની માંગમાં થતા વધારા

(D) ઉપરના તમામ

ને કારણે પ્રવેશે છે.

14. Gresham's law states that :

(A) The value of money varies inversely with price level

(B) The value of money varies directly with price level

(C) Bad money drives out good money

(D) Good money drives out bad money

ગ્રેશામનો નિયમ જણાવે છે કે :

(A) નાણાંનું મૂલ્ય, ભાવસપાટીના વ્યસ્ત પ્રમાણમાં બદલાય છે

(B) નાણાંનું મૂલ્ય, ભાવસપાટીના સીધા પ્રમાણમાં બદલાય છે

(C) ખરાબ નાણું, સારા નાણાંને હાંકી કાઢે છે

(D) સારૂ નાણું, ખરાબ નાણાંને હાંકી કાઢે છે

15. The Critical Minimum Effort Hypothesis was formulated by :

(A) A. O. Hirschman (B) R. Nurkse

(C) H. Leibenstein (D) Paul Samuelson

નિર્ણાયક ન્યૂનતમ પ્રયત્ન પરિકલ્પના :

(A) એ.ઓ. હર્ષમેન (B) આર. નર્કસે

(C) એચ. લેબેનસ્ટેઈન (D) પોલ સેમ્યુઅલસન

દ્વારા અપાઈ છે.

16. In Human Development Index, which of the following indicators is *not* included ?

(A) Life Expectancy at Birth

(B) Infant Mortality Rate

(C) Literacy Rate

(D) Adjusted per Capita Income

માનવ વિકાસ આંકમાં, નીચેનામાંથી કયા સૂચકનો સમાવેશ કરવામાં આવતો નથી ?

(A) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય

(B) શિશુ મૃત્યુ દર

(C) સાક્ષરતાનો દર

(D) સમાયોજીત માથા દીઠ આવક

17. "The Crisis in capitalism is on account of the increasing concentration and centralisation of capital." :

(A) Totally true (B) Partially true

(C) Inadequate information (D) (B) and (C)

''મૂડીવાદની કટોકટી, મૂડીના વધતા જતા કેન્દ્રીકરણને કારણે છે'' :

(A) સંપૂર્ણપણે સાચુ (B) આંશિક રીતે સાચુ

(C) અપૂર્ણ માહિતી (D) (B) અને (C)

18. $G_n = G_w = G$ is an equilibrium rate at full employment as given by :

(A) Harrod (B) Domar

(C) Schumpeter (D) Malthus

પૂર્ણ રોજગારી સહિતનો સમતુલાનો દર $G_n = G_w = G$ :

(A) હેરડ (B) ડોમાર

(C) શુમ્પીટર (D) માલ્થસ

દ્વારા આપવામાં આવ્યો છે.

19. The concept of social dualism was developed by :

(A) Higgins (B) Boeke

(C) Eckaus (D) Bhagwati

સામાજીક દ્વૈતવાદનો ખ્યાલ :

(A) હીગીન્સ (B) બોએકે

(C) એકાઉસ (D) ભગવતી

દ્વારા વિકસાવવામાં આવ્યો છે.

20. The 'Backwash Effect' refers to the fact that when a particular region develops economically then :

(A) All the regions automatically develop

(B) Some other regions, particularlly the backward ones lose

(C) No other region loses anything

(D) None of the above

'આડકતરી અસર' એ હકીકતને દર્શાવે છે કે જયારે કોઈ એક ચોકકસ પ્રદેશ આર્થિક રીતે વિકાસ પામતો હોય ત્યારે :

(A) તમામ પ્રદેશો સ્વયંસંચાલિત રીતે વિકાસ પામે છે

(B) કેટલાક અન્ય પ્રદેશો, ખાસ કરીને પછાત પ્રદેશો, ગુમાવે છે

(C) અન્ય કોઈ પ્રદેશ કશું જ ગુમાવતો નથી

(D) ઉપરનામાંથી કોઈ પણ નહી

21. In theory of development, Schumpeter stresses :

(A) the need for balanced growth

(B) the need for infrastructure

(C) the role of innovation

(D) the capital accumulation

વિકાસના સિદ્ધાંતમાં શુમ્પીટર :

(A) સમતુલિત વિકાસની જરૂરીયાત

(B) આંતરમાળખાકીય સુવિધાની જરૂરીયાત

(C) નવપ્રવર્તનની ભૂમિકા

(D) મૂડી સંચય

પર ભાર મૂકે છે.

22. Fiscal deficit is :

(A) Total revenue – Total expenditure

(B) Total revenue – Total revenue expenditure

(C) Total revenue – Expenditure on capital account

(D) Revenue + Net Public borrowing – Expenditure on capital account

રાજકોષીય ખાધ બરાબર :

(A) કુલ મહેસૂલ – કુલ ખર્ચ

(B) કુલ મહેસૂલ – કુલ મહેસૂલ ખર્ચ

(C) કુલ મહેસૂલ – મૂડીખાતા પરનો ખર્ચ

(D) મહેસૂલ + ચોખ્ખુ જાહેર દેવું – મૂડીખાતા પરનો ખર્ચ

23. The incidence of tax refers to :

(A) The level and rate of taxation

(B) Who ultimately pays the tax

(C) Growth of taxation

(D) The way in which tax is collected

કરભાર એટલે :

(A) કરના સ્તર અને દર

(B) કોણ અંતિમ તબકકે કર ભરે છે

(C) કરવેરાની વૃદ્ધિ

(D) કર એકત્ર કરવાની પદ્ધતિ

24. In India, agricultural income tax can be levied by only :
(A) Central Government
(B) State Government
(C) Both State and Central Governments
(D) Only Local Bodies
ભારતમાં, કૃષિ આવકવેરો ફક્ત :
(A) કેન્દ્ર સરકાર
(B) રાજ્ય સરકાર
(C) કેન્દ્ર તથા રાજ્ય સરકાર બંને
(D) ફક્ત સ્થાનિક સંસ્થાઓ
દ્વારા જ નાંખી શકાય છે.

25. If the supply is perfectly elastic, then the burden of tax has to be borne by :
(A) Consumer and Supplier
(B) Only Supplier
(C) Entirely by Consumer
(D) All of the above
જો પૂરવઠો સંપૂર્ણપણે મૂલ્યસાપેક્ષ હોય તો, કરનો બોજો :
(A) ગ્રાહક અને પૂરવઠો પૂરો પાડનાર
(B) ફક્ત પૂરવઠો પૂરો પાડનાર
(C) સંપૂર્ણપણે ગ્રાહક
(D) ઉપરના તમામ
દ્વારા વહન થાય છે.

26. The proposition that there is optimal rate of taxation which maximises revenue was first given by :
(A) Alfred Marshall
(B) Richard Musgrave
(C) Laffer
(D) Phillips
આમદાની મહત્તમ થાય તેવો કરવેરાની ઈષ્ટતર દર અસ્તિત્વ ધરાવે છે તે વિધાન સૌ પ્રથમ :
(A) આલ્ફ્રેડ માર્શલ
(B) રીચાર્ડ મસ્ગ્રેવ
(C) લાફર
(D) ફિલીપ્સ
દ્વારા કરવામાં આવ્યું.

27. The term subsidies include :

(A) Transfer by government or by business firms

(B) Transfer from business firms to individual

(C) Payment in exchange for which no goods or services are provided

(D) Payment to business in exchange for which no goods or services are provided by the government

'રાહત' શબ્દમાં :

(A) સરકાર કે ધંધાકીય પેઢીઓ દ્વારા થતા ટ્રાન્સફર

(B) ધંધાકીય પેઢીઓથી વ્યક્તિને થતા ટ્રાન્સફર

(C) એવી ચૂકવણી કે જેના વિનિમયમાં કોઈપણ વસ્તુ કે સેવા પૂરી પાડવામાં આવતી નથી

(D) સરકાર દ્વારા ધંધાકીય એકમોને એવી ચૂકવણી કે જે માટે કોઈ વસ્તુ કે સેવા પૂરી પાડવામાં આવતી નથી

નો સમાવેશ થાય છે.

28. Which of the following is *not* a direct tax ?

(A) Income tax (B) Wealth tax

(C) Entertainment tax (D) Expenditure tax

નીચેનામાંથી કયો પ્રત્યક્ષ કર નથી ?

(A) આવક વેરો (B) સંપત્તિ વેરો

(C) મનોરંજન વેરો (D) ખર્ચ વેરો

29. The commodity in which a nation has the least absolute disadvantage represents its area of :

(A) Comparative advantage

(B) Comparative disadvantage

(C) Absolute advantage

(D) Can not say without additional information

જે વસ્તુ માટે દેશને ન્યૂનતમ નિરપેક્ષ ગેરલાભ હોય તે પોતાના વિસ્તારનો :

(A) તુલનાત્મક લાભ દર્શાવે છે

(B) તુલનાત્મક ગેરલાભ દર્શાવે છે

(C) નિરપેક્ષ લાભ દર્શાવે છે

(D) વધારાની માહિતી વિના કહી શકાય નહીં

30. The Bretton Woods system was :

(A) a gold standard
(B) a flexible exchange rate system
(C) a gold exchange standard
(D) None of these

બ્રેટન વુડઝ પદ્ધતિ :

(A) સોનાનું ધોરણ
(B) લચીલી વિનિમય દર પદ્ધતિ
(C) સોનાનું વિનિમય ધોરણ
(D) એમાંથી કોઈ નહીં

31. Trade and exchange control refers to :

(A) Tariffs
(B) Quotas
(C) Multiple exchange rates
(D) Restrictions on trade and international capital movement

વ્યાપાર અને વિનિમય અંકુશ એટલે :

(A) જકાતો
(B) ક્વોટા
(C) બહુઆયામી વિનિમય દરો
(D) વ્યાપાર અને આંતરરાષ્ટ્રીય મૂડી સ્થળાંતર પરના અવરોધકો

32. Immiserizing growth refers to a situation where a country :

(A) Grows rapidly with trade
(B) Gains from growth are more than offset by deterioration in terms of trade
(C) Terms of trade improves with economic growth
(D) None of the above

ગરીબી પેદા કરતી વૃદ્ધિ એ એવી પરિસ્થિતિ છે કે જેમાં દેશ :

(A) વ્યાપાર સાથે ઝડપથી વૃદ્ધિ પામે છે
(B) વૃદ્ધિથી થતા લાભો કરતાં વ્યાપારની શરતોમાં થતુ નુકશાન વધુ હોય છે
(C) આર્થિક વૃદ્ધિ સાથે વ્યાપારની શરતો સુધરે છે
(D) ઉપરનામાંથી કોઈ નહીં

33. For Heckscher-Ohlin the most important cause of difference in relative commodity prices and trade between nations is a difference in :
(A) Factor Endowments
(B) Technology
(C) Tastes
(D) Demand functions
હેક્સર-ઓહલીનની દૃષ્ટિએ, રાષ્ટ્રો વચ્ચે વસ્તુની સાપેક્ષ કિંમતો અને વ્યાપાર વચ્ચે રહેલા તફાવતનું સૌથી અગત્યનું કારણ :
(A) ઉત્પાદન સાધન સંપત્તિ
(B) ટેકનોલોજી
(C) રૂચિ
(D) માંગ વિધેયો
વચ્ચેનો તફાવત છે.

34. Trade in differentiated product refers to :
(A) Inter-Industry trade
(B) Intra-Industry trade
(C) Trade based on economies of scale
(D) Trade based on imitation gaps and product cycles
ભેદભાવયુક્ત વસ્તુમાં વ્યાપાર એટલે :
(A) ઉદ્યોગો વચ્ચેનો વ્યાપાર
(B) ઉદ્યોગની અંદરનો વ્યાપાર
(C) કદના લાભો આધારીત વ્યાપાર
(D) નકલ અંતરાલ અને વસ્તુ ચક્ર પર આધારીત વ્યાપાર

35. The comparative cost advantage theory was explained with the help of opportunity cost by :
(A) Haberler
(B) Jacob Viner
(C) Samuelson
(D) Jagdish Bhagwati
વૈકલ્પિક ખર્ચની સહાયથી તુલનાત્મક ખર્ચના લાભનો સિદ્ધાંત :
(A) હેબર્લર
(B) જેકબ વાઈનર
(C) સેમ્યુઅલસન
(D) જગદીશ ભગવતી
દ્વારા આપવામાં આવ્યો.

36. The annual growth rate of per capita net national product at 1993-94 prices in 2000-01 was :

(A) 1.9 (B) 2.5

(C) 2.9 (D) 1.5

વર્ષ 1993-94 ની કિંમતોએ વર્ષ 2000-01 માં માથાદીઠ ચોખ્ખા રાષ્ટ્રીય ઉત્પાદનનો વાર્ષિક વૃદ્ધિ દર :

(A) 1.9 (B) 2.5

(C) 2.9 (D) 1.5

હતો.

37. Recent decline in rate of inflation in India is due to :

(A) Globalization and liberalization of the economy

(B) Control of money supply

(C) Bumper food harvest

(D) Rising unempolyment

ભારતમાં ફુગાવાના દરમાં થયેલો તાજેતરનો ઘટાડો :

(A) અર્થતંત્રના વૈશ્વીકરણ અને ઉદારીકરણ

(B) નાણાં પૂરવઠાના અંકુશ

(C) અનાજનું વિપુલ ઉત્પાદન

(D) વધતી જતી બેરોજગારી

ને કારણે હતો.

38. The first Nobel Prize in Economics was won by :

(A) Paul Samuelson

(B) Milton Friedman

(C) Tinbergen and Frisch

(D) Simon Kuznets and Hayek

સૌ પ્રથમ નોબેલ પારિતોષિક વિજેતા :

(A) પોલ સેમ્યુઅલસન

(B) મિલ્ટન ફ્રીડમેન

(C) ટીનબર્જન અને ફ્રીશ

(D) સાયમન કુઝનટસ અને હાયેક

હતા.

39. Sex ratio refers to the number of females in the population per 1000 male population. In India over the years, the sex ratio :

(A) has changed in favour of women

(B) has gone against women

(C) has not changed

(D) none of the above

જાતિગુણોત્તર એટલે વસ્તીમાં દર હજાર પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યા. ભારતમાં, સમયાનુસાર, જાતિગુણોત્તર :

(A) સ્ત્રીઓની તરફેણમાં બદલાયો છે

(B) સ્ત્રીઓની વિરુદ્ધમાં બદલાયો છે

(C) બદલાયો નથી

(D) ઉપરનામાંથી કોઈ નહીં

40. The share of agriculture in GDP in India is approximately :

(A) 25%-30% (B) 31%-35%

(C) 40%-45% (D) 45%-50%

ભારતમાં જી.ડી.પી. માં કૃષિક્ષેત્રનો હિસ્સો લગભગ :

(A) 25%-30% (B) 31%-35%

(C) 40%-45% (D) 45%-50%

રહ્યો છે.

41. In terms of the theory of demographic transition, India can be placed in which of the following stages :

(A) First stage : High Birth rate and low death rate

(B) Second stage : High Birth rate and falling death rate

(C) Third stage : Low Brith rate and low death rate

(D) Fourth stage : Low Birth rate and high death rate

વસ્તીવિષયક સંક્રાંતિના સિદ્ધાંતના સ્વરૂપમાં, ભારતને નીચેનામાંથી કયા તબકકામાં મૂકી શકાય ?

(A) પ્રથમ તબકકો : ઉંચો જન્મ દર અને નીચો મૃત્યુ દર

(B) બીજો તબકકો : ઉંચો જન્મ દર અને ઘટતો મૃત્યુ દર

(C) ત્રીજો તબકકો : નીચો જન્મ દર અને નીચો મૃત્યુ દર

(D) ચોથો તબકકો : નીચો જન્મ દર અને ઉંચો મૃત્યુ દર

42. Commercial paper as a monetary instrument was introduced in India in :

(A) 1989 (B) 1990

(C) 1991 (D) 1992

ભારતમાં, નાણાંકીય સાધન તરીકે વાણિજ્ય કાગળનો ઉપયોગ :

(A) 1989 (B) 1990

(C) 1991 (D) 1992

માં શરૂ થયો.

43. Which of the following is *not* included in the tertiary sector ?

(A) Transport, Communication and Trade

(B) Banking and Insurance

(C) Public Administration, Defence and other services

(D) Agriculture and Manufacturing

નીચેનામાંથી શાનો સમાવેશ તૃતીય ક્ષેત્રમાં થતો નથી ?

(A) વાહન વ્યવહાર, સંચાર અને વ્યાપાર

(B) બેન્કીંગ અને વીમો

(C) જાહેર વહીવટ, સંરક્ષણ અને અન્ય સેવાઓ

(D) કૃષિ અને વસ્તુ ઉત્પાદન

44. The mean and the standard deviation of the standard normal distribution (Z) is :

(A) 0 and 1

(B) 1 and 0

(C) both infinity

(D) None of the above

પ્રમાણિત પ્રમાણ્ય વિતરણ (Z) ના મધ્યક અને પ્રમાણિત વિચલન અનુક્રમે :

(A) 0 અને 1

(B) 1 અને 0

(C) બંને અનંત

(D) ઉપરનામાંથી કોઈ નહીં

છે.

45. To test the significance of the regression coefficient, one has to use :

(A) $\chi^2$-test (B) $t$-test

(C) F-test (D) Z-test

નિયતસંબંધાંકની સાર્થકતાના પરીક્ષણ માટે :

(A) $\chi^2$-પરીક્ષણ (B) $t$-પરીક્ષણ

(C) F-પરીક્ષણ (D) Z-પરીક્ષણ

નો ઉપયોગ કરવો જોઈએ.

46. Fisher's ideal index is :

(A) Arithmetic mean of Laspeyres' and Paasche's index

(B) Harmonic mean of Laspeyres' and Paasche's index

(C) Geometric mean of Laspeyres' and Paasche's index

(D) None of the above

ફીશરનો આદર્શ સૂચક આંક :

(A) લાસ્પેરે અને પાશેના સૂચક આંકોનો સમાંતર મધ્યક

(B) લાસ્પેરે અને પાશેના સૂચક આંકોનો સંવાદી મધ્યક

(C) લાસ્પેરે અને પાશેના સૂચક આંકોનો ગુણોત્તર મધ્યક

(D) ઉપરનામાંથી કોઈ નહીં

છે.

47. The regression lines cut each other at the intersection point of :

(A) Arithmetic mean of X and Y

(B) Geometric mean of X and Y

(C) Harmonic mean of X and Y

(D) None of the above

નિયતસંબંધ રેખાઓ એકબીજાને :

(A) X અને Y ના મધ્યકોના છેદબિંદુ પર છેદે છે

(B) X અને Y ના ગુણોત્તર મધ્યકોના છેદબિંદુ પર છેદે છે

(C) X અને Y ના સંવાદી મધ્યકોના છેદબિંદુ પર છેદે છે

(D) ઉપરનામાંથી કોઈ નહીં

48. When the coefficient of skewness is zero, the distribution is :

(A) J shaped
(B) U shaped
(C) Symmetrical
(D) L shaped

જ્યારે વિષમતાંક શૂન્ય હોય છે ત્યારે વિતરણ :

(A) J આકારવાળુ
(B) U આકારવાળુ
(C) સંમિત
(D) L આકારવાળુ

હોય છે.

49. Mathematical expectation of a variable is :

(A) The weighted arithmetic mean of the variable
(B) Median of the variable
(C) Mode of the variable
(D) None of the above

ચલરાશિની ગણિતીક અપેક્ષા એટલે :

(A) ચલરાશિનો ભારીત સમાંતર મધ્યક
(B) ચલરાશિનો મધ્યસ્થ
(C) ચલરાશિનો બહુલક
(D) ઉપરનામાંથી કોઈ નહીં

50. Addition theorem states that if two events A and B are mutually exclusive, the probability of occurrence of either A or B is given by :

(A) P(A) + P(B)
(B) P(A) × P(B)
(C) P(A) × P(B) – P(AB)
(D) None of these

સરવાળાનો પ્રમેય જણાવે છે કે જો બે ઘટનાઓ A અને B પરસ્પર નિવારક હોય તો, A અથવા B બનવાની સંભાવના :

(A) P(A) + P(B)
(B) P(A) × P(B)
(C) P(A) × P(B) – P(AB)
(D) એમાંથી કોઈ નહીં

દ્વારા મેળવવામાં આવે છે.

**ROUGH WORK**

# ROUGH WORK

SEAL